નડિયાદ ભાજપમાં ‘સિંગલ ચોકડી’ની માયાજાળ | પૂર્વ કાઉન્સિલર અને ઉમેદવાર વચ્ચેની માથાકૂટનો વિડિયો વાયરલ

# નડિયાદ મનપાના વોર્ડ 9માં ભાજપના જ ઉમેદવારો જાહેરમાં બાખડી પડ્યાં

**વધુ મત** મેળવવાની ઘેલછામાં પોતાની જ પેનલના પત્તા કાપવાની પેરવી?



(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ મનપાની ચૂંટણીના ગરમાવા વચ્ચે ભાજપનો આંતરિક જૂથવાદ અને અસંતોષ સપાટી પર આવ્યો છે. શહેરના વોર્ડ નંબર 9માં, જે ભાજપનો ગઢ ગણાય છે, ત્યાં જ ઉમેદવારો વચ્ચે ખુરશીની ખેંચતાણ અને મતબેંકની રાજનીતિને કારણે ઉગ્ર બોલાચાલીની ઘટના બની છે. ‘સિંગલ ચોકડી’ એટલે કે માત્ર એક જ ઉમેદવારને મત આપવાની અપીલ કરવાના મામલે પૂર્વ કાઉન્સિલર પારુલબેન પટેલ, તેમના પતિ મયુર પટેલ અને અન્ય ઉમેદવાર કલ્પેશ રાવળ વચ્ચે જાહેરમાં તુ તુ-મેં મેં થતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉમેદવાર કલ્પેશ રાવળ સૌથી વધુ મત મેળવવાની લ્હાયમાં મતદારોને પોતાની તરફેણમાં જ ‘સિંગલ ચોકડી’ એટલે કે માત્ર પોતાને જ મત આપવા માટે સમજાવી રહ્યા હોવાની વાત સામે આવી હતી. આ પ્રચાર પદ્ધતિ ભાજપની આખી પેનલના અન્ય ઉમેદવારો માટે નુકસાનકારક હોવાથી પૂર્વ કાઉન્સિલર પારુલબેન અને તેમના પતિ તથા વર્તમાન ઉમેદવાર મયુર પટેલ લાલચોળ થઈ ગયા હતા. તેમણે જાહેર માર્ગ પર જ કલ્પેશ રાવળને આંતરીને આ બાબતે ખુલાસો માંગતા મામલો બિચક્યો હતો.

આ અંગેના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ જાહેર માર્ગ પર થયેલી આ ઉગ્ર બોલાચાલીને કારણે આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીની છબી ખરડાઈ છે. ભાજપના જ ઉમેદવારો જ્યારે એકબીજા સામે આક્ષેપબાજી કરે છે ત્યારે સામાન્ય મતદારોમાં તેની નકારાત્મક અસર પડવાની ભીતિ પણ સેવાઈ રહી છે.

### નેતાઓ સુધી પહોંચી ગુંજ

આ આંતરિક ક્લેશ હવે મોટું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, કારણ કે આ વિવાદની ગુંજ નડિયાદ શહેર અને જિલ્લા ભાજપ કાર્યાલય સુધી પહોંચી છે. નડિયાદના મોટા ગજાના નેતાઓ સમક્ષ પણ આ મામલે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# મહીસામાં રખડતા આખલાએ યુવકનું પેટ ચીરી નાંખતાં મોત

**ગાયો ચરાવી** પરત ફરી રહેલા 31 વર્ષીય પશુપાલક પર આખલાનો હુમલો



(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ નજીક મહીસા ગામે ગાયો ચરાવીને પરત ફરી રહેલા એક પશુપાલક યુવાન પર આખલાએ ઘાતક હુમલો કરતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આખલાએ શિંગડું પેટમાં હુલાવી દેતા ગંભીર રીતે ઘવાયેલા યુવાનને નડિયાદ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ વધુ પડતું લોહી વહી જવાને કારણે રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું.

મહીસા ગામે રહેતા પ્રકાશ પુંજા ભરવાડ (ઉં.વ. 31) ગત રોજ બપોર પછી પશુઓ ચરાવીને ગામમાં પરત આવી રહ્યા હતા. અંદાજે 4-30 વાગ્યાની આસપાસ અચાનક એક વિફરેલા આખલાએ તેમના પર હુમલો કરી દીધો હતો. હુમલો એટલો ભયાનક હતો કે આખલાએ શિંગડું હુલાવતા યુવાનના આંતરડા બહાર નીકળી ગયા હતા અને તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ઢળી પડ્યા હતા.

આસપાસના લોકોએ તાત્કાલિક તેમને નડિયાદની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાથી ભરવાડ સમાજ અને મહીસા ગામમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

આ ઘટનામાં મૃતક યુવાન પોતાના પરિવારનો એકમાત્ર આધારસ્તંભ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે ગ્રામજનોમાં રખડતા પશુઓને ડબ્બે પૂરવાની માંગણી તેજ બની છે. હાલમાં પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોરસદ પાલિકામાં વર્ષોથી બાકી 11 લાખનો વેરો ભરાયો

**ચૂંટણી ફોર્મ** સાથે ‘નો-ડ્યૂઝ’ સર્ટિફિકેટ જોડવાના ડરે ઉમેદવારોમાં દોડધામ

(પ્રતિનિધિ) બોરસદ તા.20

બોરસદ પાલિકામાં વર્ષો સુધી વેરાના નાણાં નહીં ભરનારા અને વહીવટી તંત્રને ઠેંગો બતાવનારા કથિત જનસેવકો ચૂંટણી ટાણે અચાનક ‘જવાબદાર’ બની ગયા હતાં. સત્તાની ખુરશી મેળવવાની લાલચે વર્ષોથી ખાલી રહેલી પાલિકાની તિજોરીમાં અચાનક લાખો રૂપિયાની આવક થઈ હતી.

બોરસદ પાલિકાના વહીવટી તંત્રને ચૂંટણી પ્રક્રિયાના કારણે જંગી આવક થઈ છે. અંદાજિત 11 લાખ રૂપિયાના બાકી વેરાની વસૂલાત થઈ છે. આ ઉપરાંત, રહેવાસી અને શૌચાલય જેવા વિવિધ દાખલાઓની ફી પેટે આશરે 65 હજાર રૂપિયાની આવક થઈ છે. આશરે 150 જેટલા સંભવિત ઉમેદવારોએ વિવિધ પ્રકારના દાખલાઓ મેળવવા માટે પાલિકામાં લાઈનો લગાવી હતી.

ચૂંટણીના નિયમ અનુસાર, જો ઉમેદવારનું પાલિકામાં લેણું બાકી હોય તો તેનું ઉમેદવારી પત્ર રદ થઈ શકે છે. આ કાયદાકીય જોગવાઈના ડરને કારણે જે નેતાઓ અત્યાર સુધી પાલિકાની નોટિસોને અવગણતા હતા, તેઓ હવે સામે ચાલીને રોકડા નાણાં જમા કરાવી ગયાં હતાં. નેતાઓની આ દોડધામ જોઈને જનતામાં એવી ચર્ચા અને રમૂજ ફેલાઈ છે કે, જો દર વર્ષે ચૂંટણી આવતી હોય તો પાલિકા ક્યારેય દેવામાં ન જાય!

# વીરપુરના બાકળિયાના મુવાડાના કૂવામાં ડૂબી જતાં કિશોરનું મોત

**મોટર કાઢવા** જતાં પગ લપસ્યો, સાત કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કઢાયો



(પ્રતિનિધિ) વીરપુર તા.20

વીરપુર તાલુકાના બાકળિયાના મુવાડા ગામે આજે સવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં પોતાના પરિવાર સાથે કૂવાની બગડેલી મોટર કાઢવામાં મદદ કરી રહેલા 14 વર્ષીય કિશોરનું કૂવામાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

વીરપુરના બાકળિયાના મુવાડા ગામના રહેવાસી મહેન્દ્રકુમાર ભવનભાઈ પરમાર (ઉંમર 14 વર્ષ) સોમવારના રોજ સવારે આશરે 9-30 વાગ્યાની આસપાસ તેના પિતા, કાકા અને અન્ય કુટુંબી ભાઈઓ સાથે કૂવા પર ગયા હતા. જ્યાં કૂવાની મોટર બગડી ગઈ હોવાથી તેને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન અચાનક મહેન્દ્રનો પગ લપસી જતાં તે કૂવાના ઊંડા પાણીમાં ખાબક્યો હતો. તેના પિતાની નજર સામે જ કિશોર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. લુણાવાડાથી ફાયર બ્રિગેડની ટીમ પણ બોલાવવામાં આવી હતી. જોકે, કૂવામાં પાણી વધુ હોવાથી અને લાશ મળી ન આવતા સ્થાનિક સરપંચ દ્વારા બે મોટી મોટરો મુકાવીને કૂવાનું પાણી ખાલી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આશરે 10થી 15 ફૂટ જેટલું પાણી ઓછું કર્યા બાદ, અન્ડરવોટર કેમેરાની મદદ લેવામાં આવી હતી. આ કેમેરામાં મૃતદેહ દેખાયા બાદ આંકડીની મદદથી સાંજે લાશને બહાર કાઢવામાં આવી હતી.

### વીરપુરમાં ફાયર સેફ્ટીના અભાવે બચાવ કામગીરીમાં વિલંબ અંગે રોષ

વીરપુર તાલુકામાં ફાયર સેફ્ટીની અપૂરતી સુવિધાઓ સામે ફરી એકવાર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે જો વીરપુર તાલુકા પાસે પોતાની ફાયર ફાઈટરની ટીમ અને સાધનો હોત, તો કદાચ બચાવ કામગીરી વહેલી શરૂ થઈ શકી હોત અને કિશોરનો જીવ બચાવવાના પ્રયત્નો કરી શકાયા હોત.

મકાનના ઓટલે ચાલતો જુગારનો અડ્ડો

# નડિયાદમાં જુગારના અડ્ડા પર પોલીસનો દરોડો, 6 ઝડપાયા

**પોલીસે ગ્લોબ** ટોકીઝ પાછળથી રૂ. 11,040ની રોકડ અને જુગારના સાધનો કબજે કર્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ શહેરમાં અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસ દ્વારા હાથ ધરાયેલી ઝુંબેશ અંતર્ગત ટાઉન પોલીસે સંતરામ ભાગોળ વિસ્તારમાં ખુલ્લા ઓટલા પર પત્તા પાનાનો જુગાર રમતા છ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

નડિયાદ ટાઉન પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે સંતરામ ભાગોળ ગ્લોબ ટૉકીઝ પાછળ એક મકાનના ખુલ્લા ઓટલા પર કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતી રેડ પાડતા સ્થળ પર નાસભાગ મચી ગઈ હતી.

જોકે, પોલીસે કોર્ડન કરીને જુગાર રમતા અલ્પેશભાઈ ઉર્ફે કલીયો નાનુભાઈ સોલંકી, સુજલ પ્રમોદભાઈ સોલંકી, જોગેનભાઈ મહેન્દ્રભાઈ વાઘેલા, ધીરજભાઈ ઈશ્વરભાઈ વાઘેલા, હિતેશભાઈ અરવીંદભાઈ સોલંકી અને રાકેશભાઈ હસમુખભાઈ સોલંકીને ઝડપી પાડ્યા હતા.

આ દરોડામાં પોલીસે જુગારના સાધનો તેમજ રૂ. 11,040ની રોકડ જપ્ત કરી છે. આ તમામ શખ્સો વિરુદ્ધ નડિયાદ ટાઉન પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહીસાગર કલેક્ટર કચેરીમાં આકર્ષક રંગોળી દ્વારા અપાયો ‘મારો મત, મારો અધિકાર’નો સંદેશ

**લુણાવાડા** | સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાનની ટકાવારી વધારવા માટે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વીપ પ્રોગ્રામ



અંતર્ગત કલેક્ટર કચેરીના પ્રાંગણમાં મતદાન જાગૃતિની આકર્ષક રંગોળી તૈયાર કરવામાં આવી છે. મારો મત, મારો અધિકારના સૂત્ર સાથે તૈયાર કરાયેલી આ રંગોળી દ્વારા નાગરિકો અને અધિકારીઓને લોકશાહીના આ મહાપર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા અને અચૂક મતદાન કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ નાગરિકો અને યુવા મતદારોને કોઈપણ પ્રકારના ભય કે પ્રલોભન વિના સ્વૈચ્છિક અને નૈતિક મતદાન કરી પોતાની રાષ્ટ્રીય ફરજ અદા કરવા અપીલ કરવામાં આવી છે.

### મહીસાગર જિલ્લા કલેક્ટર દ્વારા લુણાવાડા ખાતે EVM સ્ટ્રોંગરૂમની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ



**લુણાવાડા** | સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-2026 અંતર્ગત કલેક્ટર અર્પિત સાગરે લુણાવાડાની પી.એન. પંડ્યા કોલેજમાં ઈવીએમ સ્ટ્રોંગરૂમની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે 24 X 7 સીસીટીવી મોનિટરિંગ, પોલીસ બંદોબસ્ત અને ફાયર સેફ્ટી સહિતની સુરક્ષા વ્યવસ્થાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ઇવીએમની સુરક્ષિત જાળવણી માટે કલેક્ટરે ઉપસ્થિત નોડલ અધિકારીઓ અને સુરક્ષા કર્મીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ યોજાયો


**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી વિભાગ દ્વારા દાહોદ અને અરવલ્લી જિલ્લાના 35 ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ



યોજવામાં આવી હતી. આ તાલીમમાં ખેડૂતોને જીવામૃત, નિમાસ્ત્ર અને આચ્છાદન જેવા વિવિધ આયામોની પ્રાયોગિક તાલીમ સાથે પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાયના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. ખેડૂતોને પ્રેરણા મળે તે હેતુથી બોરીઆવી અને નરસંડાના પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મ તેમજ યુનિવર્સિટીના સંશોધન પ્લોટ્સની રૂબરૂ મુલાકાત પણ કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમના સમાપન પ્રસંગે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને કીટ વિતરણ કરી ભારત સરકારના ‘નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ’ અંતર્ગત રસાયણમુક્ત ખેતી માટે પ્રોત્સાહિત કરાયાં હતાં.

### આણંદની અલ્પેશ એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં વાર્ષિકોત્સવ ‘આરોહણ’ ભવ્ય રીતે ઉજવાયો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ સંસ્થામાં ICAR-આણંદના ડાયરેક્ટર ડો. મનિષ દાસના મુખ્ય અતિથિ પદે



વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વર્ષ દરમિયાન એકેડેમિક અને ઈતર પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ તથા સ્ટાફને મહાનુભાવોના હસ્તે પારિતોષિકો એનાયત કરાયા હતા. સોસાયટીના મંત્રી કેતનકુમાર પટેલે વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવતા જીવનમાં પ્રગતિની સાથે સ્કિલ ડેવલપમેન્ટ અને માનવીય મૂલ્યોના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઇન્ચાર્જ આચાર્ય ડો. ચિરાગ વ્યાસે સંસ્થાની વાર્ષિક સિદ્ધિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

### વિદ્યાનગરની આઈસ્ટાર કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું ભવ્ય આયોજન કરાયું

**આણંદ** | ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના એલ્યુમની એસોસિએશન સેલ દ્વારા તમામ વિદ્યાશાખાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ




માટે સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. એમ.એમ. રાજ અને મુખ્ય મહેમાન રાહુલ મેહતા (GM, ટોયો ઇન્ક ઇન્ડિયા) ની ઉપસ્થિતિમાં સંસ્થાના વિકાસમાં એલ્યુમનીના યોગદાન અને તેમની કારકિર્દી વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે હાજર રહેલા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તેઓની વ્યાવસાયિક સફળતા બદલ મહાનુભાવોના હસ્તે પ્રસંશા પ્રમાણપત્રો એનાયત કરીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.

### વિદ્યાનગરની જીસેટ કોલેજમાં ભગવદ્ગીતા આધારિત સર્ટિફિકેટ કોર્સનો પ્રારંભ

**આણંદ** | ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત જીસેટ કોલેજની



ઇન્ડિયન નોલેજ સોસાયટી દ્વારા ભગવદ્ગીતા પર વિશેષ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સમાં 50 જેટલા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ જીવનમાં શિસ્ત, સ્પષ્ટતા અને કર્તવ્યનિષ્ઠા જેવા ગુણો વિકસાવવા માટે ઉત્સાહપૂર્વક નોંધણી કરાવી છે. વિવિધ સત્રોમાં નિષ્ણાતો દ્વારા ‘શ્રી અરવિંદના પ્રકાશમાં ગીતાનો સંદેશ’ અને ‘માનવથી મહામાનવની યાત્રા’ જેવા વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુલપતિ નિરંજન પટેલ સહિતના વિદ્વાનોએ ગીતાના આધારે ધર્મ અને કર્મની સ્પષ્ટ સમજ આપી હતી.

### વિદ્યાનગરની બીવીએમ કોલેજ ખાતે ‘ઇન્ટરનેશનલ એજ્યુકેશન કરીઅર ફેર’નું યોજાયો



**આણંદ** | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે સાગર કન્સલટન્ટ્સના સહયોગથી ઇન્ટરનેશનલ એજ્યુકેશન કરીઅર ફેર યોજાયો હતો. આ મેળામાં યુએસએ, યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોની 33 જેટલી યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ, પ્રવેશ પ્રક્રિયા, સ્કોલરશીપ અને વિઝા પ્રોસેસ અંગે સચોટ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ એન્જિનિયર ભીખુભાઇ પટેલ અને અન્ય મહાનુભાવો હાજર રહ્યાં હતાં.

### આણંદની એમ.બી.પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજમાં વાર્ષિક દિનની ઉજવણી કરાઇ

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.બી.પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજમાં વાર્ષિક દિનની ભવ્ય ઉજવણી અંતર્ગત




તેજસ્વી વિદ્યાર્થીઓ અને ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ ઇનામ તથા રમતગમત ક્ષેત્રે ઝળકેલા ખેલાડીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં. સંશોધન ક્ષેત્રે યોગદાન આપનાર સ્ટાફ મિત્રોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં ગત વર્ષના ગોલ્ડ મેડલિસ્ટ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે તમામ વિજેતાઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### બાકરોલની સ્પેક ‘મેન્સ્ટ્રુઅલ હેલ્થ એન્ડ હાઈજીન’ વિષય પર જાગૃતિ સેમિનાર યોજાયો

**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સ્પેક કોલેજ, બાકરોલના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીનીઓના સ્વાસ્થ્ય



અને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ ગેસ્ટ લેક્ચરનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા કેના ડી. પટેલે આરોગ્ય, પોષણ, સેનિટરી પ્રોડક્ટ્સના ઉપયોગ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ જેવા મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડિરેક્ટર ડો. વિશાલ પાટીદારના માર્ગદર્શન હેઠળ પ્રો. શર્લિન રાઠોડ અને પ્રો. મોક્ષા શાહ દ્વારા સફળ સંકલન કરવામાં આવ્યું હતું. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટીગણ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### પીજ જલારામ વૃદ્ધાશ્રમમાં ‘એક્ટિવ એજિંગ’ અને ફિઝિયોથેરાપી અવેરનેસ કાર્યક્રમ યોજાયો

**નડિયાદ** | પીજ સ્થિત જલારામ ઘરડાઘરમાં રેડક્રોસ સોસાયટી-વસો અને ચારુસેટ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે વરિષ્ઠ નાગરિકો



માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 44 વરિષ્ઠ નાગરિકોને નિષ્ણાતો દ્વારા વૃદ્ધાવસ્થાની શારીરિક તકલીફો, સ્વસ્થ જીવનશૈલી અને ફિઝિયોથેરાપીના વિવિધ ફાયદાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમમાં કસરત દરમિયાન રાખવાની સાવચેતીઓની સમજ સાથે ગ્રુપ એક્સરસાઇઝ અને પ્રશ્નોત્તરી દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિને સફળ બનાવવા ડો. ધ્રુવ દવે, નૃપલ પટેલ અને અરવિંદભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ વિશેષ સહયોગ આપ્યો હતો.

### મુખ્યમંત્રીના હસ્તે દિનેશ પટેલનું સન્માન, મોસ્ટ ટ્રસ્ટેડ બ્રાન્ડ બનાવવામાં યોગદાનને બિરદાવવામાં આવ્યું

**વડોદરા** | મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે એસએફપી સન્સના



એમડી દિનેશ પટેલને ‘જાસ-મોસ્ટ ટ્રસ્ટેડ બ્રાન્ડ ઇન ફાઇન ફ્રેગરેન્સ’ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ચાર દાયકાની શ્રેષ્ઠતા અને ગુણવત્તાના આધારે મળેલી આ સિદ્ધિ ભારત અને આંતરરાષ્ટ્રીય બજારોમાં કંપનીની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવે છે. આ અવસરે કંપનીએ ફ્રેશ, પિંક અને પેરિસ ગોલ્ડ વેરિઅન્ટ્સ ધરાવતી આધુનિક પરફ્યુમ રેન્જ ‘જાસ લાઇફ’નું પણ લોન્ચિંગ કર્યું છે. સીઓઓ અર્પણ પટેલે જણાવ્યું કે ગુજરાતમાં નિર્મિત આ બ્રાન્ડ હવે વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ ઊભી કરવા માટે સંપૂર્ણ સજ્જ છે.